છેલ્લાં એક દશકથી બોડી બામણીનું ખેતર સમજી વહીવટ કરનારાઓની પોલ ખોલતો ઓડીટ રિપોર્ટ સામે આવ્યો

# આણંદ નગરપાલિકામાં નાણાકીય ગરબડ

## ઓડીટ રિપોર્ટમાં રેડ રિમાર્કસથી મોટી રકમની વસૂલાતની કામગીરી હાથ ધરવા પર હજી પણ સંદેહ



આણંદ,તા.૨૦

આણંદ પાલિકામા મિલેનીયમ વર્ષે પ્રથમ વખત ભાજપનું શાસન બીપીન વકીલના નેતૃત્વમાં આવ્યાબાદ નવા નેતાઓના ઉદગમ થતાં જૂના ભાજપીને કોરાણે મૂકી સત્તાના એકહથ્થુ શાસનના ચોકા છેલ્લા દશક અને વર્તમાન સહિત રચી બોડી બામણીનું ખેતર બનાવી લે રીગણ દશબારના ખેલ ગત ટર્મ દરમ્યાન '૧૯-૨૦,'૨૦-૨૧ના સરકારી ઓડીટમાં વિવિધ વિભાગોમાં થયેલ ખર્ચ અને ચુકવણીમાં ઉજાગર થતાં રેડ રિમાર્કસ મૂકાતા પાલિકા દ્વારા જવાબદાર પાસેથી વસુલાતની કામગીરી હાથ ધરાશે તેવા સંદેહ સાથે સવાલ ઉઠવા પામ્યાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર '૧૯-'૨૦ તથા '૨૦-'૨૧ દરમ્યાન પાલિકાના વિવિધ વિભાગોમાં થયેલ ખર્ચ અને ચુકવણીના મુદ્દે સરકારી ઓડીટ દરમ્યાન ચોકાવનારી વિગત સપાટી પર આવવા પામતા થયેલ ઓડીટમા ઓડીટર દ્વારા રેડ રીમાર્કસના પાડેલા ફકરાના મુદ્દે પાલિકા દ્વારા જવાબદાર પાસેથી જવાબની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પરંતુ આ જવાબની કાર્યવાહી પૂર્ણ બાદ વસુલાતની કામગીરી હાથ ધરવા મુદ્દે જેની સરકાર એની દરકાર કે તળીયાથી નળીયા સુધી વ્યાપ્ત ભ્રષ્ટાચારને જવાબથી જ વસુલાતની કાર્યવાહી પર પૂર્ણવિરામ મૂકવામાં આવે તેવા સંદેહ પણ વ્યક્ત કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છેકે પાલીકાના વિવિધ વિભાગોમાં 'અ'વર્ગ ધરાવતી આણંદ પાલીકામા બેદાયકા પૂર્વ ભાજપે સત્તા હસ્તે કર્યાબાદ છેલ્લા દશક અને વર્તમાન સહિત શાસકોએ એકહથ્થુ શાસનના ચોકા રચી બોડી બામણીનું ખેતર બનાવી લે રીગણ દશબારના ખેલ રચતા રચાયેલ ખેલ છાપરે ચઢીને પોકારાયા હોય તેમ ગતટર્મ ના મોટાપાયે લે રીગણ દશબારના ખેલ જાગૃત નાગરીક દ્વારા કરવામાં આવેલ આરટીઆઈ માં ૧૧૪ જેટલા પાનાંના જવાબમાં પાલિકાની નાણાંકીય ગરબડ ઉજાગર થવા પામી હોવાનું જાણવા મળેલ છે.

### પાલિકાના વાર્ષિક હિસાબમાં સરકારી ઓડીટમાં ગરબડ ગોટાળા ઉજાગર થયા

આણંદ પાલિકામા છેલ્લા દશક સહિત વર્તમાનમા એકહથ્થુ શાસનના રચાયેલ ચોકાના પગલે તળીયાથી નળીયા સુધીના વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર વારંવાર અંગુલિનિર્દેશ આશંકા વ્યક્ત થવા પામતા તે યથાર્થ સરકારી ઓડીટર દ્વારા વર્ષ '૧૯-૨૦,'૨૦-'૨૧ દરમ્યાન ડીપોઝીટની અનિયમિતતા, બાધકામ વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્ય ચુકવણી, વકીલ ને ચુકવવામાં આવેલ ફી,બાગબગીચાના નિભાવણી ખર્ચ, વિવિધ વિસ્તારમાં નાખવામાં આવેલ રબર મોલ્ડ પેવિંગ બ્લોક, નવા વાહન ખરીદી, બાકરોલ તથા લોટેશ્વર તળાવ ડેવલપ, જાહેરાતના હોર્ડિંગ્સ, ડસ્ટબીન ખરીદી, હંગામી ભરતી સહિત ૫૪ જેટલી કામગીરીના હિસાબ મુદ્દે રેડ રિમાર્કસ કરવામાં આવી હોય જો જવાબદાર વિરુદ્ધ વસુલાત કામગીરી હાથ ધરવામાં આવે તો વકરેલ એકહથ્થુ શાસનકર્તાના પગ નીચેથી ધરતી સરકવા પામશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

---



રાષ્ટ્રીય કક્ષાનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમ યોજાયો

## વિદ્વાન પ્રોફેસરો દ્વારા વિવિધ વિષયો પર કુલ ૪૦ વ્યાખ્યાનો અને સેશનો યોજવામાં આવ્યા

આણંદ,તા.૨૦

સરદાર પટેલ યુનીવર્સીટી સંચાલિત મનોવિજ્ઞાન વિભાગ અને અર્થશાસ્ત્ર વિભાગના સયુંકત ઉપક્રમે ભારત સરકારના સામાજિક અનુસંધાન પરિષદ ન્યુ દિલ્હી દ્વારા અનુદાનિત બે સપ્તાહનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમ રજિસ્ટ્રાર ડો. ભાઈલાલભાઇ પટેલ અને સરદાર પટેલ યુનીવર્સીટીના કાર્યકારી કુલપતિ પ્રોફ. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજીત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ મુખ્યત્વે શિક્ષણક્ષેત્રે નવા જોડાયેલા અધ્યાપકો,સહાયક અધ્યાપ કોમાં સંશોધન અને તેની ગુણવત્તા કેળવાય તેમજ સારા અને ગુણવત્તા સભર ભવિષ્યના સંદર્ભમાં સંશોધન અને વિકાસની દિશામાં વધુ યોગ્યતા કેળવાય અને તે અંગે અધ્યાપકોમાં વધારે ક્ષમતા નિર્માણ પામે તે માટેનો બે સપ્તાહનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોના વિવિધ ભાગોમાંથી કુલ ૨૮૭ અરજીઓ આવેલી જેમાંથી ૩૦ તાલીમાર્થીઓને પસદ કરવાના હતા જેમાંથી તામિલનાડુ, મણીપુર, રાજસ્થાન, પુના અને રાજ્યની અન્ય યુનિવર્સીટીઓના અને સરદાર પટેલ યુનિવર્સીટી સહિતના અધ્યાપકોને પસંદ કરેલા જેઓ આ વર્કશોપ માં જોડાયા હતા. આ તાલીમ કાર્યક્રમમાં સંશોધન અને ક્ષમતા નિર્માણ માટે દેશના જુદા જુદા ભાગોમાંથી આવતા નિષ્ણાતો દ્વારા ટ્રેનીંગ અને સંશોધન અંગેનું જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. જેમાં પ્રોફ. બાલાજી કેન્દ્રે- મુંબઈ યુનિવર્સીટી, પ્રોફ. વીરેન્દ્ર નગરાલે -એસ.એન.ડી.ટી. યુનિવર્સીટી પુના, પ્રોફ. સાદિક બાશા-અન્નામલાઈ યુનિવર્સીટી તામિલનાડુ, પ્રોફ. કલ્પના જૈન- મોહનલાલ સુખડીયા યુનિવર્સીટી ઉદયપુર, પ્રોફ. રાજેન્દ્ર મ્હસ્કે, સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સીટી, પુના તેમજ રાજ્યની વિવિધ યુનીવર્સીટીઓમાંથી જેમકે ભાવનગર યુનીવર્સીટી માંથી પ્રોફ. કે.એમ. જોશી, અને પ્રોફ. બુટાલાલ અજમેરા- ,જયારે પ્રોફ. ગૌરાંગ રામી- વીર નર્મદ યુનીવર્સીટી સુરત, પ્રોફ. સરિતા અગ્રવાલ – સેન્ટ્રલ યુનીવર્સીટી ગુજરાત ગાંધીનગર અને પ્રોફ. આર.જી. કોઠારી-એમ.એસ. યુનીવર્સીટી વડોદરા અને આ સાથે સાથે સમયપત્રક અનુસાર સરદાર પટેલ યુનીવર્સીટીના વિદ્વાન પ્રોફેસરો દ્વારા આ કાર્યક્રમમાં વિવિધ વિષયો પર કુલ ૪૦ વ્યાખ્યાનો અને સેશનો યોજવામાં આવ્યા હતા આ સાથે સાથે ટ્રેનીંગના ભાગરૂપે ફિલ્ડ વિસિટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આણંદ અમુલ ડેરી અને ચોકલેટ પ્લાન્ટ મોગરની મુલાકાત યોજવામાં આવી હતી.

---

સરકારની નિષ્ક્રિયતા કે સ્થાનિક નબળી નેતાગીરી

## આણંદની વિવિધ ડી.પી.ટી.પીની મંજૂરી માટે કેટલી રાહ જોવી પડશે

આણંદ,તા.૨૦

છેલ્લા દોઢ દાયકાથી આણંદને મહાનગરપાલિકા દરજ્જો આપવા અગાઉ દરખાસ્ત પણ સરકારમાં કરવામાં આવી હોવા છતા સરકારની નિષ્ક્રિયતા કે સ્થાનિક નબળી નેતાગીરી કે મહાનગરપાલીકા બને તો ગરાસ લૂંટાવાના સંદેહ પગલે મહાપાલીકા શમણું હથેળીમાં ચાદ બની રહ્યું હોય શહેરના વિવિધ પાલીકા વિસ્તારમાં નવી ડી.પી.,ટી.પી.ની સરકારમાં દરખાસ્ત કરવા છતાં વિકાસશીલ ડબલ એન્જીન સરકાર શુષ્ક બનતી હોય શું સરકારને મહાનગરપાલિકાની જ ટી.પી.મંજૂરમાં રસ તો આણંદે મહાનગરપાલિકાની રાહ જોવી પડશે?જેવા સવાલ ઉઠવા પામ્યા છે.

વર્ષ ૨૦૧૨માં પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાવીમા આણંદ ને મહાપાલિકાના દરજ્જો ના આશયથી અવકુડાની રચના કરી હતી. તે પૂર્વ વર્ષ ૨૦૦૫-૬ દરમ્યાન પાલીકા દ્વારા મહાપાલિકાની દરખાસ્ત કરવામાં આવી હતી. સ્થાનિક નેતાઓના ગરાસ લુટાવાની સંભાવના પગલે મહાપાલીકાનુ શમણું વિકાસશીલ ડબલ એન્જીન સરકારમાં હથેળીમાં ચાદ બનવા પામી રહ્યું છે. ત્યારે સરકાર પણ શહેરી મહાપાલિકાના વિકાસને જ પ્રાધાન્ય આપતી હોય સમયાંતરે નવી ટી.પી.યોજના જાહેર કરતી હોય છે. આણંદ પાલીકા વિસ્તારમાં નવી ડી.પી.,સાથે ચૌદ જેટલી ટી.પી.ની માગ કરવામાં આવી હોવા છતાં સરકાર શુષ્ક કે સ્થાનિક નબળી નેતાગીરી ના કારણે આણંદના વિકાસને પણ ગ્રહણ લાગી રહ્યાની લાગણી વ્યક્ત થવા પામી રહી છે. ત્યારે શું નવી ટી.પી.,તથા ડી.પી. માટે જે નબળી નેતાગીરી આણંદને મહાનગરપાલિકાની રાહ જોવી પડશે?ના સવાલ ઉઠવા પામ્યા છે.

---

કમિટીની રચના કરવા સાથે ૧૧ માસના કરારથી જગ્યા ફાળવવામાં આવશે

## આણંદ પાલિકા ધ્વારા ટૂંકીગલીના લારી પથારાવાળાને યથાવત રાખવાનો નિર્ણય



આણંદ,તા.૨૦

આણંદ શહેર માટે ખાસ કરીને ટુકીગલી તથા જૂના બસ મથકેથી સ્ટેશન તરફ જતાં માર્ગ પરની ટ્રાફિક સમસ્યા અને હપ્તારાજ માથાનો દુખાવો બનતા સોમવારના રોજ પાલિકા દ્વારા મહત્વનો નિણર્ય હાથ ધરી ટુકીગલીના વ્યવસાયકારોને લારી માટે જગ્યા અગીયાર માસના કરાર આધારીત ફાળવવામાં આવશે અને આ મુદ્દે કમીટીની રચના કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આણંદ પાલિકા માટે શહેરની ટુકીગલી તથા જૂના બસમથકેથી સ્ટેશન સુધીના વિસ્તારમાં લારીપથારાવાળાના કારણે ટ્રાફિક સમસ્યા તથા વકરેલા હપ્તારાજના પગલે પાલિકા માટે સમસ્યા નિરાકરણ માથાનો દુખાવો બનવા પામતા આજે આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાલિકા પ્રમુખ રૂપલબેન પટેલ, કારોબારી ચેરમેન સચીન પટેલ, ચીફ ઓફિસરની ઉપ સ્થિતિમાં લારીપથારાવાળા સાથે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં સમસ્યાના કાયમી નિરાકરણ માટે પાલિકા દ્વારા હકારાત્મક અભિગમ દાખવી ટુકીગલીના વ્યવસાયકારોને નક્કી કરેલી જગ્યાએ લારીની સુવિધા અગીયાર માસના કરારથી આપવાની સાથે અગીયાર સભ્યોની કમીટી બનાવવામાં આવશે અને જગ્યા ફાળવવામાં આવ્યા બાદ પણ દબાણ કરવામાં આવશે તો કમીટી દ્વારા નિર્ણય લેવામાં આવશે જેવા હકારાત્મક અભિગમ ઉભા કરતાં લારીપથારાવાળામાં આનંદની લાગણી વ્યાપવા પામી છે. પ્રકારના શહેરના અન્ય વિસ્તારમાં પણ અભિગમ ઉભા કરી શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવામાં આવશે.

---

આણંદમાં મુસ્લિમ સમાજનાં ૧૧ નવયુગલોએ નિકાહ પઢી સંસારનો પ્રારંભ કર્યો

## સમાજે સાદગીભર્યા નિકાહ અપનાવી ખોટા ખર્ચાઓથી દૂર રહેવું જોઈએ




આણંદ,તા.૨૦

આણંદ શહેરમાં કોમ્યુનીટી હોલ નં.૨ ખાતે આણંદ મુસ્લિમ સમાજ વેલ્ફેર ટ્રસ્ટ આણંદનાં ઉપક્રમે અને સરવર ગૃપ આણંદનાં સહયોગથી ૧૩મો સમુહ સાદી કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ૧૧ નવ યુગલોએ નિકાહની રસમ અદા કરીને સંસારીક જીવનનો પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે આણંદ મુસ્લિમ સમાજ વેલ્ફેર ટ્રસ્ટનાં પ્રમુખ હાજી ઐયુબખાન આર પઠાણ ધુળેટાવાળા,ઉપપ્રમુખ યાવરહુશેન ઠાકોર અને ટ્રસ્ટીઓ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું,હાજી રીયાઝુદ્દીન કાદરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ વિમલ બારોટએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે સમાજમાંથી કુરિવાજો દુર થાય અને લગ્નો પાછળ ખોટા ખર્ચાઓ દેખાદેખી થતા ખોટા ખર્ચાઓ અટકે અને લગ્ન સમારોહ સાદગીભર્યા થાય તે આજનાં સમયની માંગ છે,લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓથી બચીને બચત કરેલા નાણાનો સંતાનોનાં ઉચ્ચ અભ્યાસ પાછળ અને પરિવારનાં આર્થિક ઉત્થાન પાછળ ઉપયોગ કરવો જોઈએ,આ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત સમાજ કલ્યાણ કચેરીનાં નિરિક્ષક અધિકારી શિલ્પાબેન પટેલએ સમુહ લગ્ન યોજના,કુંવરબાઈનું મામેરૂ સહીતની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપીને લોકોને સમાજ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે હાજી એમ યુ,.મિરઝા તેમજ પીરે તરીકત પીરેતરીકત શબ્બીરહુશેન કાદરીબાવા અશરફી ઉર્ફે કારીબાપુ, પીરે તરીકત સૈયદ ગુલામરસુલ ઉર્ફે જલાલીબાપુ કારંટાવાળા,પીરે તરીકત સૈયદ અબરારહુશેન અશરફી, પીરે તરીકત સૈયદ ઝાકીરહુશેન બાપુ, કાઉન્સિલર કરીસ્માબેન વ્હોરા,કાઉન્સિલર વહીદાબેન બગસરાવાળા, સૈયદ સખીબાવા ઉપસ્થિત રહ્યા હતા. યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો.

---

## કણીએલની સાર્વજનિક હાઈસ્કૂલના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે નિવૃત કર્મચારીઓનું સન્માન કરાયું



મહુધા,તા.૨૦

કઠલાલ તાલુકાના કાણિયેલ ગામમાં આવેલી સાર્વજનિક હાઈસ્કૂલના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીમાં સંસ્થાના ભૂતપ ર્વ આચાર્ય, ટ્રસ્ટી અને સિનિ.સિટીઝન્સ મંડળના સભ્ય અરવિંદભાઈ પટેલનું સિનિ. સિટી. મંડળ, કપ ડવંજ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ કિરીટભાઈ શાહ, હસમુખભાઈ ગોહીલ, વર્મા,જે. આર. પટેલ તથા એમ. એસ. શાહ હાજર રહ્યા હતા.હાઈસ્કૂલ દ્વારા સંસ્થાના રીટાયર્ડ કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તે હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક ,કેળવણી મંડળના સભ્ય અને કપડવંજ સિનિ. સિટી. મંડળના પ્રમુખ કિરીટભાઈ શાહનું શાલ ઓઢાડી સન્માન સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે હાથીજણના સ્વામીનારાયણ મંદિરના સંત શ્રીજીસ્વામી તથા ખેડા જિલ્લાના કેળવણી નિરિક્ષણ,સંસ્થાના આચાર્ય,સ્ટાફ તથા અન્ય અધિકારીઓ, કપડવંજ તાલુકાના આચાર્યો, ગામના સરપંચ તથા ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

---


NEOTECH TECHNICAL CAMPUS

**NEOTECH CAMPUS**

At Harni-virod road, virod,Vadodara,390022

**EMPLOYMENT NOTICE**

**Neotech Institute of Paramedical Sciences**

| Designation | Department | Qualification /Speciality | No of Post |
|---|---|---|---|
| Principal | PGDMLT, DMLT & DSI | PhD. Or MSc in Medical microbiology / Medical Biochemistry / Medical Laboratory Technology | 01 |
| Associate Professor | PGDMLT & DMLT | PhD. Or MSc in Medical microbiology / Medical Biochemistry / Medical Laboratory Technology | 06 |
| Asst. Professor / Lecture | PGDMLT & DMLT | PhD. Or MSc in Medical microbiology / Medical Biochemistry / Medical Laboratory Technology | 06 |
| Laboratory Assistant | PGDMLT & DMLT | Bachelor in Medical Lab. Technology (BMLT), PGDMLT Or DMLT | 06 |
| Assistant Professor | DSI | Diploma in Sanitary Inspector from any Govt. recognized Institution. | 04 |

- Eligibility & Qualification as per SGGU/UGC norms
- Date of interview will be communicated to shortlisted candidates

Send your Resume on or before 24/2/2023 at

**Neotech Campus**

Harni-virod road, Virod, Vadodara 390022

or mail to : careers@neotech.ac.in


---

અદાણી અંગેના હિંડનબર્ગ કેસ વચ્ચે ૭૬૦૦ કરોડનું રોકાણ

## આગામી નાણાકીય વર્ષમાં અર્થતંત્ર ૬ ટકાના દરે વધશે : નીતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ

નવી દિલ્હી, તા.૨૦

નીતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષે કહ્યું કે ભારતે વધુ માર્કેટ એક્સેસ માટે ચીન સાથે ફરી જોડાવું જોઈએ. એવા ઘણા ઉત્પાદનો છે કે જે આપણે મોટા પ્રમાણમાં ચીનમાં નિકાસ કરી શકીએ છીએ. નીતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ રાજીવ કુમારે જણાવ્યું હતું કે છેલ્લા આઠ વર્ષમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાઓને કારણે ભારત ઉચ્ચ વિકાસના માર્ગ પર આગળ વધશે. આગામી નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૨૩ - ૨૪માં દેશની અર્થવ્યવસ્થા છ ટકાના દરે વૃદ્ધિ પામવાની ધારણા છે. ઉત્તર અમેરિકા અને યુરોપીયન અર્થતંત્રોમાં એક સાથે મંદી પણ મોટા જોખમો ઉભી કરશે. કુમારે કહ્યું કે, આર્થિક વિકાસ દર પર ઘણા જોખમો છે. ખાસ કરીને અનિશ્ચિત વૈશ્વિક પરિદ્રશ્ય તેનું મુખ્ય કારણ છે. આપણે સાવચેતીપૂર્વક રચાયેલ નીતિ પગલાં દ્વારા નિકાસને ટેકો આપીને આ પડકારોનો સામનો કરવો પડશે. વિદેશી સ્રોતોમાંથી ખાનગી રોકાણનો પ્રવાહ વધારવો પડશે.વધુ તક માટે ચાઈના માર્કેટમાં જોડાવું આવશ્યક છે.વધુ માર્કેટ એક્સેસ માટે ભારતે ચીન સાથે ફરી જોડાવું જોઈએ. એવા ઘણા ઉત્પાદનો છે કે જે આપણે મોટા પ્રમાણમાં ચીનમાં નિકાસ કરી શકીએ છીએ. અદાણી કેસમાં, ખાનગી કંપની સાથેની આવી ઘટનાથી સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાના પ્રયાસને અટકાવશે નહીં. દેશમાં હિંડનબર્ગના આક્ષેપો વચ્ચે એફઆઈઆઈ રૂ.૭,૬૦૦ કરોડનું રોકાણ કરે છે. અદાણી જૂથ પર અમેરિકન ફર્મ હિંડનબર્ગ રિસર્ચના અહેવાલમાં કરાયેલા આક્ષેપો વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)એ છેલ્લા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. તેના પહેલા અઠવાડિયામાં એટલે કે ૭-૧૨ ફેબ્રુઆરી વચ્ચે તેણે ૩,૯૨૦ કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા. વિશ્લેષકોના મતે, અદાણી ગ્રૂપના શેરમાં છેલ્લા સપ્તાહમાં સુધારો જોવા મળ્યો હતો અને તેની અસર બજારમાં પણ જોવા મળી હતી. આ કારણે એફઆઈઆઈ બજારમાં પરત ફર્યુ. જાન્યુઆરીમાં બજારમાં જે વેચવાલી હતી તે હવે પૂરી થઈ ગઈ છે. જો કે, જ્યારે બજારમાં તેજી આવશે ત્યારે ફરીથી વેચવાલી થવાની સંભાવના ચોક્કસપણે છે. ગેઈલ અને સીબીડીટીએ કરાર પર હસ્તાક્ષર કર્યા.

---

વિપક્ષ કાઉન્સિલરમાં નારાજગી દેખાઈ

## આણંદ પાલિકામા વિપક્ષનું નેતાપદ મેળવવા પાંચથી છ કાઉન્સિલરો દ્વારા ખેલ

આણંદ,તા.૨૦

આણંદ પાલિકામાંથી મિલેનીયમ વર્ષથી ભાજપે સત્તા હસ્તે કરી બેદાયકાથી પાલીકામા ભાજપના શાસન વચ્ચે બેવર્ષ પૂર્વ પાલિકાના યોજાયેલ જંગ બાદ વિપક્ષ નેતાપ દે સલીમશા દિવાનની વરણી કરવામાં આવતા કેટલાક વિપક્ષ કાઉન્સિલરમાં નારાજગી ઉભી થવા પામી હતી. પરંતુ તાજેતરમાં પૂર્વ કોન્ગી ધારાસભ્યે કેસરીયા ધારણ કરતાં તેમના પાંચથી છ સમર્થક વિપક્ષ કાઉન્સિલર ભાજપમાં જોડાય તેવા તપ્ના સાથે કોન્ગી નેતાઓનું નાક દાબી વિપક્ષ નેતાપદ મેળવવાના ખેલ રચવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર તાજેતરમાં યોજાયેલ રાજ્ય વિધાનસભા જંગમાં ભાજપે ભવ્ય વિજય મેળવતા કોન્ગીના ગઢ ગણાતા આણંદ પંથકમાં પણ પાંચ જેટલી બેઠક પર કોન્ગીની હાર થતાં સ્વ વિકાસનો તાગ રચી હાર બાદ પૂર્વ કોન્ગી ધારાસભ્ય કાન્તીભાઈ સોઢાપરમારે કેસરીયો ધારણ કરી અમૂલનું વાઈસચેરમેન પદ મેળવતાં આણંદ પાલીકામા વિપક્ષ કાઉન્સિલરને ભાજપ માં જોડાવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાની ચર્ચા ઉઠતાં વિપક્ષના છેલ્લા વર્ષથી વિપક્ષ નેતાપદ મેળવવા ધમપ છાડા કરતાં કાઉન્સિલર દ્વારા ભાજપમાં જોડાવાના તાગ રચી નાક દબાવી વિપક્ષ નેતાપદ મેળવવા શકુની પાસા રચાયા હોવાનું જાણવા મળેલ છે. નીકટવર્તી વર્તુળોના જણાવ્યા પ્રમાણે પાંચથી છ જેટલા વિપક્ષી કાઉન્સિલર ભાજપ સાથે જોડાય તેમ જાણવા મળેલ છે.

---


SAMBHAAV GROUP

**સમભાવ મીડિયા લિમિટેડ**

(CIN: L67120GJ1990PLC014094)

**રજીસ્ટર્ડ ઓફિસ :** સમભાવ હાઉસ, જજીસ બંગલો સામે, પ્રેમચંદ નગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

**ફોન :** +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૧૪/૧૫/૧૬/૧૭ **ફેક્સ :** +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૨૨

**ઈ-મેઈલ :** secretarial@sambhaav.com **વેબસાઈટ :** www.sambhaav.com

**પોસ્ટલ બેલેટની સૂચના:**

કંપની અધિનિયમ, 2013 ની કલમ 110 અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014ના નિયમ 22 અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ પરિપત્રો, મુજબ -શ્રી મનોજ વડોદરિયાની કંપનીના મેનેજીંગ ડીરેક્ટર અને શ્રી કિરણ વડોદરિયાની બિન કાર્યકારી અધ્યક્ષ (બિન-સ્વતંત્ર નિયામક શ્રેણી) તરીકે નિમણૂક માટે, **28મી જાન્યુઆરી, 2023**ની નોટિસમાં નિર્ધારિત, ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરીને પોસ્ટલ બેલેટ દ્વારા પસાર કરવાની દરખાસ્ત છે. ('રિમોટ ઇ-વોટિંગ'). આ સંબંધમાં, સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે સ્પષ્ટીકરણ નિવેદન સાથે પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવાનું કામ **20મી ફેબ્રુઆરી, 2023**ના રોજ પૂર્ણ થયું હતું.

આ સૂચના નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl.com) ની ઈ-વોટિંગ વેબસાઈટ પર ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર અને BSE લિમિટેડ (BSE - www.bseindia) ની વેબસાઈટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે. MCAના પરિપત્રોના પાલનમાં, કંપનીએ તેના સભ્યોને માત્ર રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે, જેથી તેઓ ભૌતિક પોસ્ટલ બેલેટ ફોર્મ સબમિટ કરવાને બદલે ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) દ્વારા પૂરી પાડવામાં આવતી રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા જ સભ્યોની સંમતિ અને અસંમતિનો સંચાર થશે.

**ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાન:** નિયમનકારી આવશ્યકતાઓને અનુરૂપ, સભ્યો ફક્ત રિમોટ વોટિંગ દ્વારા જ વિશેષ ઠરાવો પર મત આપી શકે છે જે **21મી ફેબ્રુઆરી, 2023ના રોજ સવારે 09.00 વાગ્યે** શરૂ થશે અને **22મી માર્ચ, 2023ના રોજ સાંજે 05.00 વાગ્યે** સમાપ્ત થશે. જ્યારે NSDL દ્વારા રિમોટ એ-વોટિંગને અવરોધિત કરવામાં આવશે. **કટ-ઓફ તારીખ, 10મી ફેબ્રુઆરી, 2023**ના રોજ જે સભ્યોના નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે, તેઓ જ તેમના મત આપવા માટે હકદાર છે.

જે સભ્યોએ કંપનીમાં અથવા ડિપોઝિટરીઝમાં તેમના ઈ-મેલ સરનામાંની નોંધણી કરાવી નથી અને પોસ્ટલ બેલેટ નોટિસ મેળવવા અને/અથવા રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મત આપવા ઈચ્છતા હોય, તેઓએ તેમના ઈ-મેલ સરનામાંઓ કંપનીમાં રજીસ્ટર કરાવવા જરૂરી છે. આ માટે કંપનીના ઈમેઈલ secretarial@sambhaav.com. વૈકલ્પિક રીતે, કંપનીના રજીસ્ટ્રાર mcsstaahmd@gmail.com પર ઈ-મેલ દ્વારા તેમના નામ અને DP ID અને Client ID/ ફોલિયો નંબરનો ઉલ્લેખ કરીને તેમના ઈ-મેલ સરનામાની નોંધણી માટે વિનંતી કરતો પત્ર મોકલી શકે છે.

**સ્ક્રુટિનાઈઝર:** કંપનીએ મેસર્સ ઉમેશ વેદ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉમેશ વેદ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને પોસ્ટલ બેલેટ માટે રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

**સંપર્ક વિગતો:** ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો www.evoting.nsdl.com ના હેલ્પ સેક્શન હેઠળ ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા સાથે જોડાયેલ કોઈપણ ફરિયાદના કિસ્સામાં સુશ્રી પલ્લવી માતરે સિનિયર મેનેજર, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL"), ટ્રેડવર્લ્ડ, 'A'Wing, 4થો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, ને સંબોધવામાં આવી શકે છે. સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - 400 013, અથવા evoting@nsdl.co.in પર ઇમેઇલ મોકલો અથવા 022-24994545 પર કોલ કરો અથવા સંપર્ક કરો. MCS શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ mcsstaahmd@gmail.com પર, ટેલિફોન: 079-26580461/62/63ને સંપર્ક કરી શકાય છે.

**મતદાનના પરિણામો:** રિમોટ ઈ-વોટિંગના પરિણામો **શુક્રવાર, 24મી માર્ચ 2023ના રોજ સાંજે 05:00 વાગ્યે** અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. સ્ક્રુટિનાઈઝરના રિપોર્ટ સાથે જાહેર કરાયેલા પરિણામો, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl)ની ઈ-વોટિંગ વેબસાઈટ પર, ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર તથા BSE લિમિટેડ (BSE - www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઇટ્સ પર, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે, ત્યા તરત જ ઉપલબ્ધ થશે.

**તારીખ :** ફેબ્રુઆરી 20, 2023
**સ્થળ :** અમદાવાદ

**બોર્ડના આદેશથી**
**સમભાવ મીડિયા લિમિટેડ વતી**
મનિષા માલી-કંપની સેક્રેટરી